# મહાનગરનો મહાજંગ : હવે ભાજપને જીતનો વિશ્વાસ આવી ગયો છે, પણ જંગ રોમાંચક રહેશે

### ગાંધીનગર મનપાની ચૂંટણી અંગે સપ્ટેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં વિધિવત જાહેરાત થવાની શક્યતા : હવે માત્ર ૧૦ જ દિવસ પ્રચાર માટે અપાશે એવી વહિવટીતંત્રમાં ચર્ચા-વિચારણા

ગાંધીનગર, તા. ૨૮

આજથી સાડા ચાર મહિના પહેલા એટલે કે ૧૮મી એપ્રિલના રોજ મહાનગરનો મહાંજગ ખેલાવાનો હતો પરંતુ કોરોનાના ગ્રહણને પગલે ૧૦ મી એપ્રિલે મહાજંગ મુલ્તવી રાખવા ચૂંટણી અંગે જાહેરાત કરાઈ હતી. આ સમય દરમ્યાન ઘણા પ્રવાહો બદલાયા અને સમીકરણો નવેસરથી મંડાયા. માર્ચ-એપ્રિલમાં ગાંધીનગરમાં ભાજપના ડંકા પડતા હતા. ત્યારે કોરોનાની બીજ લહેરમાં એટલે કે ૧૫ એપ્રિલથી ૩૦ મી મે સુધી કોરોનાના કાળ ચક્રમાં ગાંધીનગર લપેટાયુ હતુ. અસંખ્ય સ્વજનો ધામમાં ગયા. ઈન્જેક્શન અને ઓક્સિજનના અભાવનો ચચરાટ ખુબ લાંબા સમય સુધી સમાજમાં રહ્યો હતો. કોરોનાના કેસ ઘટવા છતાં ચૂંટણી પ્રક્રિયા ટાળવામાં આવતી હતી. એ સમયે શાસક પક્ષ જીતી શકશે કે કેમ એની શંકા ઘેરી બની હતી અને શંકાના પગલે ચૂંટણી ટાળવામાં આવતી હતી..! હવે ફરીથી ભાજપમાં વિશ્વાસ જન્મ્યો છે કે જીતી જવાશે અને સરકારની ગુપ્તચર એજન્સીઓ પણ ભાજપ જીતશે એવા આંકડા આપતાં રાજકીય અને વહિવટીતંત્રમાં ચૂંટણીનો સળવળાટ ચાલે છે. અંતરંગ વર્તુળોની માહિતી મુજબ ૨૫-૨૬ સપ્ટેમ્બરની આસપાસ મહાનગરનો મહાજંગ ખેલાવાનો તખ્તો ઘડાઈ રહ્યો છે.

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાના નાતે મુખ્યમંત્રીથી માંડીને ભાજપના મોટા મોટા નેતાઓ અહી રહે છે. શહેરની સમસ્યાઓથી સરકાર અને રાજકીય પક્ષો પુરા અવગત છે. આમ છતાં મહાનગરની છેલ્લી બન્ને ચૂંટણીઓ ભાજપ સ્પષ્ટ બહુમતી ન્હોતુ મેળવી શક્યું એ પણ એટલી જ હકિકત છે. પાછલે બારણે સત્તા મેળવી ૧૦ વરસ ભાજપે શાસન કર્યુ એ વાતની ના નહીં, પણ ગાંધીનગર ભાજપનો ગઢ છે એવું માનવા પક્ષ કે પ્રજા તૈયાર નથી..!! પરંતુ છેલ્લા કેટલાંક વખતથી કોંગ્રેસ દિવસે દિવસે નબળી પડતી જાય છે. રાષ્ટ્રીય અને રાજ્યની નેતાગીરીમાં અસમંજસતાના કારણે સ્થિતિ ડામાડોળ બનતી જાય છે.

હા..! એ વાત ચોક્કસ છે કે કોંગ્રેસના મતદારો છે, પણ કર્મટ ઉમેદવાર અને નેતાઓનો અભાવ છે. આ પરિસ્થિતિમાં છેલ્લા ૬ મહિનાથી આમ આદમી પાર્ટી ગલીએ ગલીએ ગાજે છે..! કોઈ ચહેરો નથી કે કોઈ સંગઠનના મુળ નથી પણ એક નવી ચેતના નવા સંદેશ સાથે મહેનત કરતાં 'આપ'ના ઉમેદવારોએ મહાનગરની રાજનીતિમાં સ્થાન બનાવી રહ્યાનો સંકેત આપે છે. સરકારી ગુપ્તચર સંસ્થાઓ પણ આ વાતને સમર્થન આપે છે. આમ મહનગરનો જંગ ત્રીપાંખીયો છે એ નિશ્ચિત છે. કોઈ ચમત્કાર થાય તો જ ભાજપ સત્તા ન મેળવી શકે બાકી તો ભાજપનો ઘોડો અત્યારે તો આગળ દોડે છે. કેટલાય વિસ્તારોમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસ કરતાં વધારે ઉત્સાહમાં છે. આમ છતાંય આ તો રાજકારણ છે..! કોઈ પણ સમયે કંઈ પણ થઈ શકે..! આગામી દિવસોમાં ગાંધીનગરનું જનજીવ રાજકીય ચર્ચાઓથી ધમધમશે.

## કચરાનું કમઠાણ જ જય જયકાર કરાવશે

ગાંધીનગરમનાં છેલ્લા અઠવાડીયાથી ખુબ જ ચર્ચાસ્પદ બનેલ કચરાનું કમઠાણ મહાનગરની ચૂંટણીમાં વિલન તો નહીં બની જાય ને..?! એવી ચર્ચાઓ પણ ચાલુ છે. આ ચર્ચાએ હજુ પણ વધારે ઘેરી બને... વિવાદ થોડો વકરે.... પછી મહાનગરના અગ્રણીઓ મુખ્યમંત્રીની મુલાકાત લે અને મુખ્યમંત્રી બે-ચાર મહિના માટે આ પ્રશ્નને મુલત્વી રાખવાનો આદેશ કરે અથવા તો નવેસરથી ડસ્ટબીન પહોંચાડવાનો આદેશ કરે એટલે જય જયકાર થઈ જાય... અને એ જય જયકાર મતમાં પરિવર્તન થાય એવી પણ રાજકીય ગણતરી રાજકીય ગલીયારીઓમાં ચાલી રહી છે.



ગાંધીનગર શહેર હોવા છતાં તેનુ એક આગવુ સૌંદર્ય છે. જ્યાં નજર કરો ત્યાં પ્રકૃતિનું કોઈક ને કોઈક નજરાણુ જોવા મળી જાય છે. અહીં મોર, વાંદરા અને નીલ ગાય છૂટથી હરતા-ફરતા જોવા મળી જાય તો સાથે જ વૃક્ષોનું વૈવિધ્ય પણ ખૂબ જોવા મળે છે. વાદળોની અવર-જવર વચ્ચે સૂર્ય સંતાકૂકડી રમે ત્યારે અદ્‌ભૂત દૃશ્યો સર્જાય છે. આ દૃશ્યોને જોવાની અને તેને કેમેરામાં કેદ કરવાની આવડત હોય તો અદ્‌ભૂત તસ્વીર સર્જાય છે.

# દેશમાં હિંદુ બહુસંખ્યક છે ત્યાં સુધી જ કાયદાની વાત ચાલશે

### હિંદુઓની સંખ્યા ઘટી તો તે દિવસે ના કોઈ કોર્ટ-કચેરી હશે, ના કોઈ કાયદો હશે, બધું હવામાં દફનાવી દેવાશે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ખૂબ જ વિવાદિત અને ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. તેમના કહેવા પ્રમાણે બંધારણ, ધર્મનિરપેક્ષતા અને કાયદાની વાત ત્યાં સુધી જ ચાલશે જ્યાં સુધી હિંદુ બહુસંખ્યક છે. વધુમાં જણાવ્યું કે, મારા શબ્દો લખી લો, જો હિંદુઓની સંખ્યા ઘટી તો તે દિવસે ના કોઈ કોર્ટ-કચેરી હશે, ના કોઈ કાયદો હશે, કોઈ જ લોકશાહી નહીં, કોઈ બંધારણ નહીં રહે. બધું હવામાં દફનાવી દેવામાં આવશે. ગાંધીનગર ખાતેના ભારત માતા મંદિરમાં નીતિન પટેલે આ નિવેદન આપ્યું હતું. આ મંદિરને ગુજરાતનું પહેલું ભારત માતા મંદિર માનવામાં આવે છે. નીતિન પટેલે આ નિવેદન આપ્યું તે સમયે રાજ્યના ગૃહ મંત્રી પ્રદીપ સિંહ જાડેજા અને વીએચપી અને આરએસએસના ટોચના નેતાઓ ઉપસ્થિત હતા.



નીતિન પટેલે જણાવ્યું કે, 'આપણા દેશમાં કેટલાક લોકો બંધારણ અને ધર્મનિરપેક્ષતાની વાતો કરે છે. પરંતુ હું તમને કહી દઉં છું કે, જો તમે વીડિયો રેકોર્ડ કરવા માંગતા હોવ તો કરો.. મારા શબ્દો લખીને રાખી લો. બંધારણ, ધર્મનિરપેક્ષતા અને કાયદો વગેરેની વાત કરનારાઓ એવું ત્યાં સુધી જ કરશે જ્યાં સુધી આ દેશમાં હિંદુઓ બહુમતમાં છે.. જે દિવસે..હિંદુઓની સંખ્યા ઘટશે, બીજાઓની વૃદ્ધિ થશે, ત્યારે ન ધર્મનિરપેક્ષતા, ન લોકસભા અને ન બંધારણ. બધું જ હવામાં ઉડાડી દેવામાં આવશે. કશું જ નહીં રહે.' આગળ કહ્યું કે, 'હું બધા વિશે વાત નથી કરી રહ્યો. મારે એ પણ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે લાખો મુસલમાન દેશભક્ત છે, લાખો ઈસાઈ દેશભક્ત છે. ગુજરાત પોલીસમાં હજારો મુસલમાન છે, તે બધા જ દેશભક્ત છે.'

# જિલ્લામાં ૩૧ ઓગષ્ટ અને ૧લીએ હળવા વરસાદની સંભાવના : હવામાન-પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૩૧ ઓગષ્ટ અને ૧લી સપ્ટેમ્બરના રોજ હળવો વરસાદ થવાનુ હવામાન-પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યુ છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૪૩ માં જણાવ્યા પ્રમાણે ૨૮ ઓગષ્ટથી ૧લી સપ્ટેમ્બર સુધીના પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે. છુટી થવાઈ જગ્યાએ હળવો વરસાદ ૩૧ ઓગષ્ટ અને ૧લી સપ્ટેમ્બરના રોજ પડવાની શક્યતાઓ છે.

**જિલ્લામાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૨૦૭ મી.મી. વરસાદ નોંધાયો છે, જે સિઝનની સરેરાશના ૨૭ ટકા જેટલો વરસાદ થયો છે**

મહત્તમ તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૨ થી ૮૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે વાવણી કરેલ પાકમાં નિંદામણ તથા આંરત ખેડ કરી જમીનમાં ભેજ જાળવણી કરવી પૂરતો ભેજ હોય ત્યારે ભલામણ મુજબ ખાતરનો હપ્તો આપવો.

જિલ્લામાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૨૦૭મી.મી. વરસાદ નોંધાયો છે. જે સિઝનની સરેરાશના ૨૭ ટકા જેટલો વરસાદ થયો છે. જિલ્લામાં દહેગામમાં ૧૨૬, ગાંધીનગરમાં ૧૭૯, કલોલમાં ૨૭૩ અને માણસામાં ૨૪૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

## ૫૦ ટકાથી ઓછી મહેસુલી વસુલાત કરનાર તલાટીઓને નોટીસ અપાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૫૦ ટકાથી ઓછી મહેસુલી વસાલુત કરનાર તલાટીઓને નોટીસ આપવાનો નિર્ણય જિલ્લા સત્તાવાળાઓએ કર્યો છે.

જિલ્લામાં સતત નબળી વસુલાતને લઈ તંત્રએ હવે આકરા પગલાં લેવાનું મન બનાવી દીધુ છે. તાજેતરમાં જ સંપન્ન થયેલ મહેસુલી વર્ષમાં મહેસુલી વસુલાતમાં જિલ્લાનો ક્રમ છેલ્લા સ્થાનોમાં આવ્યો છે. તંત્રએ મહેસુલી વસુલાત વધારવા માટે તાલુકા વિકાસ અધિકારીઓની બેઠકમાં વારંવાર સૂચનાઓ આપ્યા પછી પણ નબળી વસુલાત રહેતા તંત્રની હાલત કફોડી બની ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે ૫૦ ટકાથી ઓછી વસુલાત કરનાર તલાટીઓ સામે નોટીસ જિલ્લા કક્ષાએથી જ આપવામાં આવનાર છે. જે તલાટીનો ખુલાસો સંતોષકારક નહિ જણાય તેની સર્વિસબુકમાં નોંધ કરવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ તાલુકા વિકાસ અધિકારીઓ પાસેથી આ અંગે વિગતવાર

● અનુસંધાન પાન-૭ પર



ચોમાસાની સીઝનમાં આ વખતે ખૂબ ઓછો વરસાદ પડ્યો છે. ઘણા વિસ્તારોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ છે. આવા સમયે પાણીની તંગી જોવા મળી રહી છે. વરસાદ ન વરસતા પશુ-પંખીઓને પણ પાણીનો સ્રોત શોધવાની જરૂરીયાત રહે છે. પુનિતવનમાં વાલ્વમાંથી પાણી પીતો મોર ગરમીથી રાહત મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

# શહેરમાં વકરતો વાહકજન્ય રોગચાળો

### તંત્રની ચિંતા વધી : મેલેરિયાના ૮૪, ડેન્ગ્યુના ૧૧૨ અને ચિકનગુનિયાના ૧૪ કેસ નોંધાયા

### તંત્રએ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારો અલગ તારવી સર્વેલન્સ સઘન કર્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણની સ્થિતિ જરૂર ઘટી પણ વાહકજન્ય રોગચાળો વકરતાં તંત્રમાં નવી ચિંતાઓનો દોર શરૂ થયો છે.

ગાંધીનગર શહેરમાં આજ સુધીમાં મેલેરિયાના ૮૪, ડેન્ગ્યુના ૧૧૨ તેમજ ચિકનગુનિયાના ૧૪ કેસ નોંધાયા છે.

શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ૨૦૧૭ અને ૨૦૧૮ માં પણ આવુ જ ચિત્ર હતુ. જો કે મેલેરિયાના કેસો ઘટ્યા છે પરંતુ ચિકનગુનિયા અને ડેન્ગ્યુના કેસો સતત વધી રહ્યા છે. વાહકજન્ય રોગચાળાની સાથે વાઈરલ ફિવરના કેસો પણ જે રીતે સામે આવી રહ્યા છે તેથી તંત્ર ચિંતાતુર બન્યુ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાના તંત્રએ શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતી ૧૨૭ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો પર સઘન સર્વેલન્સ દર સપ્તાહે કરવાનુ શરૂ કરી દીધુ છે. ૩૪ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને બીજીવારની નોટીસ પણ તંત્રએ થમાવી દીધી છે. હવે પછી જો આ સાઈટ પર મચ્છરના બ્રિડીંગ મળશે તો તંત્રએ સાઈટ સિલીંગ કરવા માટેનું મન બનાવી દીધુ છે.

ગાંધીનગર શહેરનો વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા તંત્રએ અલાયદો રોડમેપ પણ તૈયાર કરી દીધો છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોને અલગ તારવી લીધા છે. આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

મનપાના તંત્ર દ્વારા ઘરે ઘરે ફરી અને તાવ-ખાંસી-શરદીના દરદીઓ શોધવાની પણ કવાયત હાથ ધરવામાં આવી છે.

તંત્રના સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૨૦ વેક્ટર કંટ્રોલ ટીમો ઉપરાંત હેલ્થવર્કર, આશા બહેનો દ્વારા સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. આ સર્વેલન્સની સાથે સાથે મચ્છરજન્ય રોગચાળાથી બચવાના સરળ ઉપાયો પણ લોકોને જણાવી જન જાગૃતિ પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

# રાજ્યમાં કોરોનાના નવા માત્ર ૧૦ કેસ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં કોરોના હવે લગભગ કાબુમાં આવી ગયો હોય તેવી સ્થિતિ થઇ છે. રાજ્યનાં આજે માત્ર ૧૦ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૪ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૧૫૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. અત્યાર સુધીમાં કુલ ૪,૩૨,૦૩૯ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૧૫૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ લોકો વેન્ટિલેટર પર છે. ૧૪૭ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં ૮,૧૫,૧૫૪ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યા છે. ૧૦૦૮૧ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી થયું. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૧૯ વર્કરને રસીનો પ્રથમ ડોઝ અને ૪૬૦૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૪૫ વર્ષથી વદારેની ઉંમરના ૭૩૨૧૧ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ અને ૫૨૬૬૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે.


ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. દિનેશભાઈ નારણભાઈ વઘાસિયા
સ્વ.તા.૨૯-૦૮-૨૦૨૦
પરિવાર જેમનું મંદિર હતું, સેવા જેમની પૂજા હતી, સ્નેહ જેમની શક્તિ હતી, સદા હસતો ચહેરો જેમની ઓળખ હતી તેવા દિવ્ય આત્માને કોટી કોટી વંદન. પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
જયંતિભાઈ નારણભાઈ વઘાસિયા | વ્રજેશભાઈ દિનેશભાઈ વઘાસિયા
રાજેશભાઈ નારણભાઈ વઘાસિયા | જાસ્મી દિનેશભાઈ વઘાસિયા
કેયુરભાઈ જયંતિભાઈ વઘાસિયા | નમ્ર રાજેશભાઈ વઘાસિયા
શરદ જયંતિભાઈ વઘાસિયા | વ્યોમ કેયુરભાઈ વઘાસિયા
ફર્મ : વૃંદાવન સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com